**ટ્યુબરક્યુલોસિસ ''મેનટોક્સ''ની તપાસ**

તમારા સંભવિત એમ્પ્લોયરને નીચેની બાબતની જાણ કરવાનું ઉપયોગી રહેશેઃ

1. તેમણે ટેલિફોન કરીને અપોઈન્ટમેન્ટ કરવાની રહેશે અથવા **સારી રીતે અંગ્રેજી** બોલી શકતી કોઈ વ્યક્તિને કહો કે અમને ફોન કરીને તેમની બધી વિગતો આપે અને અમે શું કહી રહ્યાં છીએ તે સમજી શકે, એટલે કેઃ
   - તેમની અપોઈન્ટમેન્ટોની તારીખ અને સમય
   - હેરો હેલ્થ સેન્ટર ક્યાં આવેલું છે અને ત્યાં કેવી રીતે પહોંચવું
   - તેમણે **48 કલાકના અંતરે બે અપોઈન્ટમેન્ટો** કરવાની રહેશે - પહેલી તેમનો ટેસ્ટ કરાવવા માટે અને બીજી ટેસ્ટ ''વાંચવા'' માટે [ટેસ્ટની તેમના હાથ પર કેવી પ્રતિક્રિયા (રીએક્ટ) થઈ છે તે જોવા માટે]
   - તેમણે બંને અપોઈન્ટમેન્ટોમાં તેમનો પાસપોર્ટ સાથે લઈને આવવાનું રહેશે.
   - તેમણે તેમની અપોઈન્ટમેન્ટના સમય કરતાં **ઓછામાં ઓછી 15 મિનિટ** વહેલા આવવાનું રહેશે, જેથી નર્સ માટેનાં ફોર્મ ભરી શકાય.
   - જો તેઓ મોડાં આવશે અને નર્સનું ક્લિનિક દર્દીઓથી ભરેલું હશે, તો તેમને જોવામાં નહિ આવે, પરંતુ તો પણ તેમણે પોતાની તે ચૂકી જવાયેલી અપોઈન્ટમેન્ટ માટેના પૈસા ભરવાના રહશે.
   - તેમણે તેમના ટેસ્ટ માટે પૈસા ચૂકવવાના રહેશે. **હાલમાં અમારી ફી £70** છે પરંતુ આમાં વધારો થઈ શકે અને તેઓ જ્યારે તેમની પહેલી અપોઈન્ટમેન્ટ બુક કરાવે ત્યારે તેમણે તે પૂછી લેવું જોઈએ.

2. અમે વોક ઈન સેવા (અપોઈન્ટમેન્ટ વગર ગમે ત્યારે જઈ શકાય તેવી) સેવા આપતાં નથી. બધી જ અપોઈન્ટમેન્ટો પહેલેથી ટેલિફોન પર અથવા રૂબરૂમાં બુક કરેલી હોવી જરૂરી છે.

3. બુક કરવામાં આવેલી જે અપોઈન્ટમેન્ટો માટે દર્દીઓ હાજર નહિ રહે તે માટે અમારે તેમની પાસેથી કદાચ ચાર્જ લેવો પડે.

<u>સોમવાર અને બુધવાર સવારનાં ક્લિનિકો - મેનટોક્સ ટેસ્ટ માટેની પહેલી અપોઈન્ટમેન્ટ</u>

4. તેઓ ટેસ્ટ કરાવવા માટે સોમવારે અથવા બુધવારે સવારે આવી શકે અને તે પછી ટેસ્ટનાં પરિણામોની તપાસ કરાવવા માટે, **તે પછીના બરાબર 48 કલાકની અંદર,** સવારે તે જ સમયે તેમણે પાછાં આવવાનું જરૂરી રહેશે, એટલે કે (જો તેમણે સોમવારે સવારે ટેસ્ટ કરાવ્યો હોય તો) બુધવારે સવારે અથવા (જો તેમણે બુધવારે ટેસ્ટ કરાવ્યો હોય તો) શુક્રવારે સવારે.

5. તેઓ તેમની પહેલી અપોઈન્ટમેન્ટ પછી સર્જરી છોડીને જાય તે પહેલાં તેમણે અમારી ફી ચૂકવવી જરૂરી રહેશે.

<u>બુધવાર અને શુક્રવાર સવારનાં ક્લિનિકો - ટેસ્ટનાં પરિણામ ''વાંચવા'' માટે બીજી અપોઈન્ટમેન્ટો</u>

6. તેઓ 48 કલાક પછી જ્યારે તેમની બીજી અપોઈન્ટમેન્ટ માટે પાછાં આવશે ત્યારે, તેમના હાથ પર જ્યાં ટેસ્ટ કરવામાં આવ્યો હશે તે જગ્યા નર્સ તપાસશે. ટેસ્ટ હકારાત્મક (પોઝિટિવ) છે કે નકારાત્મક (નેગેટિવ) છે તે વિશે જો કોઈ શંકા હોય, તો નર્સ ડોક્ટરને બોલાવશે - ડોક્ટરને જ્યાં સુધી આવીને તપાસવાનો સમય મળે ત્યાં સુધી પોતે રાહ જોવી પડશે એ વાત દર્દીએ સમજવાની રહેશે.

7. જો ટેસ્ટનું પરિણામ હકારાત્મક આવ્યું હોવાનું માનવામાં આવશે, તો તેમણે નોર્થવિક પાર્ક હોસ્પિટલ ચેસ્ટ ક્લિનિકમાં જવાની જરૂર પડશે તે નર્સ તેમને સમજાવશે. આની ગોઠવણ કરવા માટે, તેઓ હેરો હેલ્થ કેર સેન્ટર છોડીને જાય તે પહેલાં નર્સ દર્દીને એક પત્ર આપશે જે તેમણે પોતાની સાથે હોસ્પિટલ લઈને જવાનો રહેશે.

8. હોસ્પિટલ જવા માટે તેમણે કોઈ વધારાની ફી ચૂકવવી નહિ પડે.

<u>તમામ મુલાકાતો</u>

9. **જો દર્દી બરાબર અંગ્રેજી ન બોલી શકતાં હોય, તો તેઓ જ્યારે પણ હેરો હેલ્થ કેર સેન્ટરમાં આવે તે દરેક સમયે તેમણે પોતાની સાથે ભાષાંતર કરનારને લઈને આવવાનું રહેશે.** જો તેઓ એકલાં આવશે, અને બરાબર અંગ્રેજી નહિ સમજી શકતાં હોય કે પોતાની વાત યોગ્ય રીતે નહિ સમજાવી શકતાં હોય, તો દર્દીના હિતમાં, નર્સ તેમને જોઈ શકશે નહિ.

10. તેમણે બંને મુલાકાતો વખતે પોતાની ઓળખની પુષ્ટિ કરવા માટે પોતાની સાથે પોતાનો પાસપોર્ટ લઈને આવવાનું રહેશે અને નર્સને તે બતાવવાનો રહેશે. આનું કારણ એ છે કે જુદા જુદા દિવસોએ અમારે ત્યાં જુદી જુદી નર્સો ફરજ પર હોય છે અને એક જ નર્સ હોય તો પણ તેમણે બીજી મુલાકાત વખતે તમારો પાસપોર્ટ જોવાની જરૂર પડશે.

11. હેરો હેલ્થ કેર સેન્ટર પિનર રોડ અને ડેવનશાયર રોડના ખૂણા પર આવેલું છે. તે હેરો ઓન ધ હિલ સ્ટેશનેથી લગભગ 15 મિનિટ ચાલવાના અંતરે છે અને તે **183 અને H18** બસ રૂટ પર આવેલું છે.

એપ્રિલ 2010